# <u>સરકારી ઇજનેરી કોલેજ,કતપુર , પાટણ</u>

## કુમાર અને કન્યા છાત્રાલય ભોજનાલય તથા કોલેજ કેન્ટીન કોન્ટ્રાકટ (2024-25) માટે નું ટેન્ડર ફોર્મ

## એજન્સી એ ધ્યાનમા રાખવાની અગત્યની માહિતી

| | |
|---|---|
| ટેન્ડર આમંત્રિત કરનાર: | આચાર્ય શ્રીની કચેરી<br>સરકારી ઈજનેરી કોલેજ, કતપુર, પાટણ-૩૮૪૨૬૫<br>ફોન: ૦૨૭૬૬-૨૯૭૭૩૫<br>Email: principalgecpatan@gmail.com<br>Website: www.gecpt.cteguj.in |
| વેબ સાઈટ પર બ્લેંક ટેન્ડર ફોર્મ ઉપ્લબ્ધ રહેશે | સરકારી ઈજનેરી કોલેજ, કતપુર, પાટણ ની વેબ સાઈટ www.gecpt.cteguj.in માં ડાઉનલોડ ઓપ્શનમાં બ્લેંક ટેન્ડર ફોર્મ તા. ૧૬/૦૭/૨૦૨૪ થી તા. ૦૫/૦૮/૨૦૨૪ સુધી ઉપ્લબ્ધ રહેશે. |
| કોરા ભાવપત્રક ભરી રજિસ્ટ્રડ એ.ડી. / એ.ડી. ટપાલ મારફતે/ રૂબરૂ માં સીલબંધ કવરમાં પરત કરવાનુ સ્થળ અને સમય | સરકારી ઈજનેરી કોલેજ, વહીવટી કાર્યાલય, કતપુર, પાટણ<br>તા. ૦૭/૦૮/૨૦૨૪ **સાંજે ચાર વાગ્યા સુધી.** |
| ટેન્ડર ફોર્મ ફી ની રકમ | આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, પાટણ ના નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો રૂપીયા 500/- નો ડી.ડી. **(Non Refundable)** ટેંડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. ડી.ડી. વગરનો ટેંન્ડર ફોર્મ માન્ય ગણવામાં આવશે નહી. |
| અર્નેસ્ટ મની ડીપોઝીટ ની રકમ | આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, પાટણ ના નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો રૂપીયા 5000/- નો ડી.ડી. (શરતી પરત મળવા પાત્ર) ટેંડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. ડી.ડી. વગરનો ટેંન્ડર ફોર્મ માન્ય ગણવામાં આવશે નહી. |
| ભાવપત્રક ખોલવાની તારીખ તથા સ્થળ | આચાર્ય શ્રીની કચેરી<br>સરકારી ઇજનેરી કોલેજ, કતપુર, પાટણ<br>૦૮/૦૮/૨૦૨૪, બપોરે 03:00 કલાકે |
| ટેન્ડર ફોર્મ સાથે કુલ બે સીલબંધ કવર આચાર્યશ્રીની કચેરી ,સરકારી ઇજનેરી કોલેજ , પાટણ ને મળી જાય તે રીતે સીલબંધ કવરમાં રજી. એ. ડી. ટપાલ/ કુરિયર થી /રૂબરૂ માં મોકલી આપવાના રહેશે. | કવર ૧ મા ભાગ-૧ પ્રમાણે લાયકાત ફોર્મ,ભાગ-૨ પ્રમાણે શરતો માન્ય હોવાનુ પત્રક, ભાગ-૩ અને ભાગ-૪ મા દર્શાવેલ ભાવ માન્ય હોવાનુ પત્રક, રુપિયા ૫,૦૦૦/- નો અર્નેસ્ટ મની ડીપોઝીટનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી. (શરતી રિફંડેબલ), રુપિયા ૫,૦૦/- નો ટેન્ડોર ફોર્મ ફી નો રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી., બાંહેધરીપત્રક, જરુરી લાયસન્સ તથા જરુરી પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ સામેલ કરવી.<br>કવર ૨ માં ફક્ત ભાગ-૫ પ્રમાણે ભાવપત્રક સામેલ કરવુ.<br>કવર-૩ મા કવર-૧ અને કવર-૨, બંને ને મુકવા (કવર-૩ પર ભોજનાલય તથા કોલેજ કેન્ટીનનું ટેન્ડર (2024-25) તથા પાર્ટીનું નામ, સરનામુ તથા મોબાઈલ નંબર કવર પર દર્શાવવું. |

# <u>કુમાર અને કન્યા છાત્રાલય ભોજનાલય અને કેન્ટીન નાં કરાર અંગેના ટેન્ડરની અગત્યની સૂચનાઓ</u>

- **ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કુમાર છાત્રાલય, કન્યા છાત્રાલય અને કેન્ટીન ની સ્થાનિક પરિસ્થીતી ની જાણ તથા કામનો પ્રકાર  જરૂરિયાત, સ્થિતી  વગેરેથી સુમાહિતગાર થઈ શકશે. આ અંગેની પ્રી બીડ મીટીંગ તારીખ ૩૦-૦૭-૨૦૨૪ સમય બપોરે ૦૩.૦૦ કલાકે કોંફરંન્સ રૂમ , એડ્મીન બિલ્ડીંગ સરકારી ઈજ્નેરી કોલેજ પાટણ ખાતે રાખેલ છે.**
- <u>ભાવપત્રક ભરનાર કોન્ટ્રાકટરે ટેન્ડર પત્રકના દરેક પાના પર સહી સિક્કા કરવાના રહેશે.</u>
- ભાવ પત્રક ભરનાર કોન્ટ્રાકટરે ટેન્ડર ફોર્મ ફી  ની રકમ પેટે આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, પાટણ ના નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો રૂપીયા 500/- નો ડી.ડી. (Payable at Patan) **(Non Refundable)** ટેંડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. ડી.ડી. વગરનો ટેંન્ડર ફોર્મ માન્ય ગણવામાં આવશે  નહી.
- ભાવ પત્રક ભરનાર કોન્ટ્રાકટરે ટેન્ડર પરત કરતી વખતે ટેન્ડરની અર્નેસ્ટ મની ડીપોઝીટ (બાના) ની રકમ પેટે આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, પાટણના નામનો રાષ્ટ્રીયકૃત  બેંકનો રુપીયા 5000/- નો ડી.ડી. (Payable at Patan) (શરતી પરત મળવા પાત્ર) આ સાથે જમા કરાવવાનો રહેશે. બાના ની રકમ ના ડી.ડી. વગર  અરજી વિચારણામા લેવામા આવશે નહી. કામ નો ઈજારો ના મેળવનાર એજનસીને તેઓને અર્નેસ્ટ મની ડીપોઝીટ ની રકમ એક માસ બાદ પરત મળવાપાત્ર રહેશે. જો કોંન્ટ્રાક્ટરનુ ટેંન્ડર મંજૂર થાય અને તે સ્વીકારવાની ના પાડે તો અર્નેસ્ટ્મની ડિપોઝીટ પેટે આપેલ ડીમાન્ડ ડ્રાફ્ટ પરત મળશે નહી અને સરકારશ્રી ખાતે જમા કરવામા આવશે.
- **જે** કોન્ટ્રાકટર **ને કોન્ટ્રાકટ એવોર્ડ થશે તેણે કોન્ટ્રાકટ મળ્યાના જાણ કરતા** <u>પત્રની તારીખથી સાત દિવસમા સીકયુરીટી ડીપોઝીટ પેટે **આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ,** પાટણના **નામની ભોજનાલય અને કેન્ટીન સેવા માટે રુપીયા ૪૦૦૦૦/- (રૂપીયા ચાલીસ હજાર પુરા) ની રકમનો** પાટણ, ગુજરાત ખાતેની **રાષ્ટ્રીયકૃત બેન્કનો ડીમાંડ ડ્રાફ્ટ (Payable at Patan) કઢાવી જમા કરાવવાનો રહેશે.**</u> જો નિયત સમય મર્યાદામા સીકયુરીટી ડીપોઝીટ ની રકમ જમા કરવામા ન આવે તે સંજોગોમા બાનાની રકમ જપ્ત કરી , ઓર્ડર રદ કરી પછીના લાયક કોન્ટ્રાકટર ને ઓર્ડર આપવામા આવશે. સીકયુરીટી ડીપોઝીટની રકમ કરારની મુદત પુર્ણ થયાના બે માસ બાદ કામગીરી સંતોષ કારક જણાશે અને બિલ સરભર થયે કોન્ટ્રાકટરને પરત ચુકવવામા આવશે. સીકયુરીટી ડીપોઝીટની રકમ પર કોઇ પણ પ્રકારનુ વ્યાજ મળવા પાત્ર થશે નહી.
- ભાવ ભરેલ ભાવ પત્રકના ટેન્ડર ફોર્મ સંપૂર્ણ વિગતો સાથે આચાર્યશ્રીની કચેરી, સરકારી ઇજનેરી કોલેજ, પાટણના ને તા. ૦૭/૦૮/૨૦૨૪ **સાંજે** ચાર વાગ્યા **સુધી** મળી જાય તે રીતે સીલબંધ કવરમાં રજી. એ. ડી. ટપાલ/ કુરિયર થી /રૂબરૂ માં  મોકલી આપવાના રહેશે. નિયત તારીખ અને સમય બાદ મળેલ ટેન્ડર રદબાતલ ગણાશે .
- <u>કવર-1 મા  ભાગ-1 પ્રમાણે લાયકાત ફોર્મ, ભાગ-2 પ્રમાણે શરતો માન્ય હોવાનુ દરેક પાના પર સહી કરેલ પત્રક, ભાગ-૩ અને ભાગ-૪ માં દર્શાવેલ વાનગી ઓના ભાવ સ્વીકાર્ય હોવાનું આ સાથે સામેલ પત્રક, રુપિયા ૫૦૦૦/- નો અર્નેસ્ટ મની ડીપોઝીટનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી. (શરતી રિફંડેબલ) , રુપિયા ૫,૦૦/- નો ટેન્ડોર ફોર્મ ફી   નો રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી., બાંહેધરીપત્રક, જરુરી લાયસન્સ તથા જરુરી પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ, સામેલ કરવુ ફરજિયાત છે. **(કવર-1 ને લાયકાત ફોર્મ નામ આપવું.)**</u>

- કવર-2 મા ફક્ત ભાગ-5 પ્રમાણે ભાવપત્રક સામેલ કરવુ અને તેને સીલબંધ કરવુ ફરજિયાત છે. (કવર-૨ ને ભાવપત્રક નામ આપવું) કવર-3 મા કવર-1 અને કવર-2 , બંને ને મુકવા (કવર-3 પર ભોજનાલય અને કેન્ટીન કોન્ટ્રાકટ અંગેનું ટેન્ડર (૨૦૨૪-૨૫) તથા પાર્ટીનું નામ કવર પર દર્શાવવું.)
- સંસ્થા ખાતે ભોજનાલય અને કેન્ટીન ચલાવવાનો કોન્ટ્રાકટ કુલ ૧ વર્ષ નો રહેશે સદર કરારમાં ઘટાડો કે વધારો કરવાનો અધિકાર આચાર્યશ્રીનો રહેશે. જે અંગે સંબંધિત કોન્ટ્રાકટર ને એક માસ પુર્વે માહિતગાર કરવામા આવશે. જો કોલેજ ઇચ્છશે તો અને જો કોન્ટ્રાકટર ની કામગીરી સંતોષકારક માલુમ પડે તો, આ જ શરતો અને ભાવથી બીજા એક વર્ષ માટે મુદત વધારી આપવામા આવશે. આ માટે ટેંન્ડરમાં ભરેલા ભાવોએ કામ કરવા કોંન્ટ્રાક્ટર બંધાયેલ રહેશે અને વધારાના એક વર્ષે માટે કોઇપણ જાતનો ભાવ વધારો આપવામાં આવશે નહી.
- આચાર્યશ્રી , સરકારી ઈજનેરી કોલેજ , પાટણ ને ભરેલા ટેન્ડરો સ્વિકારવા / નાં સ્વિકારવા , ટેન્ડર તથા ટેન્ડરની આખી પ્રક્રિયા રદ કરવાનો નિર્ણય લેવાનો અબાધિત અધિકાર રહેશે.
- કોઈ પણ પ્રકારનું શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ.
- કામગીરી માટે રસ ધરાવતી તમામ કોન્ટ્રાકટરે સંસ્થા ની જાત મુલાકાત લઇ કામગીરી ની વિગત તથા માહીતી મેળવી લેવાની રહેશે. ભાવ પત્રક ભર્યા બાદ કોઇ દલીલ માન્ય રહેશે નહીં ભાવ પત્રક ખુલ્યા બાદ જો કોઇ કોન્ટ્રાકટર કામગીરી માટે અસંમતિ દર્શાવશે તો તેનુ અર્નેસ્ટ મની ડેપોઝીટ જમા કરવામા આવશે. અને તે કોન્ટ્રાકટર સંસ્થા ખાતે ની કોઈ પણ ટેન્ડર પ્રકિયા માં ફરીથી બે વર્ષ સુધી ભાગ લઇ શકશે નહિ.
- જો કોઈ કોન્ટ્રાકટરે શૈક્ષણિક/કોર્પોરેટ સંસ્થા ખાતે કેંટીન/મેસ ચલાવ્યાનો અનુભવ દર્શાવેલ હોય તો તેઓ તરફથી મળેલ વર્ક ઓર્ડરની પ્રમાણીત નકલ તથા સંતોષકારક સેવા આપ્યા અંગેનુ અનુભવના પ્રમાણપત્ર ની નકલ, તે સ્થળ તથા સમય માટે તેઓને ફુડ/હેલ્થ વિભાગનુ ના વાંધા પ્રમાણપત્ર /પરવાનગી આપતુ પ્રમાણપત્ર ની પ્રમાણીત નકલ સામેલ કરવાની રહેશે.
- ટેંન્ડર ફોર્મે સુવાચ્ય અક્ષરોએ માંગેલી સંપૂર્ણે વિગતો સાથે આપવાનુ રહેશે. અધુરા ટેંન્ડર ફોર્મે રદ થવાને પાત્ર રહેશે. નિયત સમય મર્યાદા કરતાં મોડા આવેલ ટેંન્ડર ફોર્મે આપોઆપ રદ ગણશે.
- કોંન્ટ્રાક્ટરે ટેંન્ડર ફોર્મે સાથે તેઓના ફર્મેની જરૂરી માહિતી જેવી કે ફર્મે, રજીસ્ટ્રેશન, સેલ્સ ટેક્ષ, સર્વિસ ટેક્ષ, રજીસ્ટ્રેશન, કેટરીંગ કોંન્ટ્રાક્ટરનુ લાયસન્સ, Food Safety and Standards certificate as per Regulations 2011 (Licensing and Registration of Food Businesses) વગેરે જેવા સર્ટીફિકેટ્ની ખરી નક્લ બીડવાની રહેશે.
- જે પણ પાર્ટીને કોન્ટ્રાક્ટ મળે તેણે સરકારશ્રી નાં ધંધાને આનુસંગિક તમામ નિયમોનું પાલન કરવાનું રહશે.
- જે પણ કોન્ટ્રાકટર ને કોન્ટ્રાકટ મળે તેણે લેબર આધારીત તમામ નિયમોનુ પાલન કરવાનુ રહેશે. તથા લેબર બાબતે તમામ પ્રકારની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ શરતના ભંગ અન્વયે કોન્ટ્રાકટ રદ કરી શકાશે. જે પણ કોન્ટ્રાકટર ને કોન્ટ્રાકટ મળે તેણે કોન્ટ્રાકટ મળ્યા તારીખથી એક મહિનાની અંદર સરકારશ્રી ના ધારા ધોરણ પ્રમાણે અત્રે ની કેંટીન/ભોજનાલય ચલાવવા ફુડ –ડ્રગ / હેલ્થ વિભાગ નુ લાયસંસ / પરવાનગી / ના વાધા પ્રમાણ પત્ર જે પણ લાગુ પડતુ હોય તે ફરજીયાત લેવાનુ તથા તેને આધારીત તમામ ફોર્માલીટીસ/કાર્યવાહી પુર્ણ કરવાની રહેશે.
- નિયત સમય મર્યાદામાં રજી. એ. ડી.ટપાલ /કુરિયર /રૂબરૂ થી મળેલ ટેન્ડરો તા. : ૦૮/૦૮/૨૦૨૪, નાં રોજ બપોરે 03:00 કલાકે , સંસ્થાના સેમીનાર હોલ, વહીવટી કર્યાલય ખાતે ખોલવામાં આવશે જેમાં ટેન્ડર ભરનાર હાજર રહી શકશે.

- આવેલ ભાવપત્રક પૈકી કયું સ્વિકારવું તથા કોન્ટ્રાકટ કોને આપવો તે બાબતે કેન્ટીન કમિટી ની બેઠકમાં જે નિર્ણય લેવાય તે દરેકને બંધનકર્તા રહેશે.
- જો લઘુતમ ભાવો સરખા આવવાના કિસ્સામા એજનસીનો અનુભવ અને અન્ય માપદંડને ધ્યાનમાં લેવામા આવશે. એજંસીને કોનટ્રાકટ આપવો કે નહી તેનો આખરી નિર્ણય આચાર્યશ્રી સરકારી ઈજનેરી કોલેજ, પાટણ પાસે અબાધિત રહેશે.

# <u>ભાગ- ૧</u>

## <u>સરકારી ઇજનેરી કોલેજ, પાટણ</u>

## કોલેજ ભોજનાલય/કેન્ટીન કોન્ટ્રાકટ માટે નું લાયકાત ફોર્મ

## <u>( કવર ૧ માં સામેલ કરવું )</u>

| | | |
|---|---|---|
| 1) | કોન્ટ્રાકટરનું નામ , સરનામુ , કોન્ટેક્ટ નમ્બર (નીચે લખવુ)<br><br>**સરનામાનો પુરાવો સામેલ કરવો** | કોન્ટ્રાકટર નો પાસપોર્ટ સાઈઝ ફોટો |
| 2) | કોન્ટ્રાકટરનો પાન કાર્ડ નંબર →<br>(પ્રમાણીત નકલ સામેલ કરવી) | |
| 3) | કોન્ટ્રાકટરે તેઓની ફર્મની નોંધણી (રાજ્ય સરકાર, કેંદ્ર સરકાર, મ્યુંસિપાલિટી મા કરાવેલ છે? હા કે ના હોયતો તેનો નમ્બર, નોંધણી થયેલ હોય તે કચેરીનુ નામ : →<br>**(પ્રમાણીત નકલ સામેલ કરવી)** | |
| | જી.એસ.ટી. રજીસ્ટ્રેશન નંબર | |
| 4) | ભારત સરકાર દ્વારા ૦૫/૦૮/૨૦૧૧ થી લાગુ કરવામા આવેલ Food Safety and Standards certificate as per Regulations 2011 (Licensing and Registration of Food Businesses) મુજબનુ સક્ષમ અધિકારી નુ માન્ય પરવાનાની પ્રમાણિત નકલ | |
| 5) | પ્રોવિડંડ ફંડ ઈ.એસ.આઈ. નંબર ( લાગુ ન પડતુ હોય તો કારણો દર્શાવવા) | |
| 6) | અર્નેસ્ટમની ડીપોઝીટ રૂ ૫૦૦૦ ના ડી.ડી.ની વિગત:<br>અ) રકમ<br>બ) નમ્બર<br>ક) તારીખ<br>ડ) બેંક નુ નામ તથા સરનામુ<br>**ઓરિજીનલ ડી.ડી. સામેલ કરવો** | |

| | | | |
|---|---|---|---|
| 7) | ટેંડર ફી રૂ ૫૦૦ ના ડી.ડી.ની વિગતઃ →<br>અ) રકમ<br>બ) નમ્બર<br>ક) તારીખ<br>ડ) બેંક નુ નામ તથા સરનામુ<br>**ઓરિજીનલ ડી.ડી. સામેલ કરવો** | | |
| 8) | કેટરિંગસેવા આપેલ સંસ્થાનું નામ સરનામુ /ફુડ આઉટ્લેટની જ્ગ્યાનુ નામ સરનામુ | કરારનો/એસ્ટાબ્લીસ્મેન્ટ ચાલુ હોવાનો સમયગાળો તારીખ થી તારીખ | રોજ આશરે કેટલા વ્યક્તિને /કેટ્લી ડીશ કેટરીંગ આપ્યુ તેની સંખ્યા |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| 9) | કોન્ટ્રાકટર નાણાકીય સંસ્થાના ડીફોલ્ટર નથી તેમજ પોલીસ/કોર્ટ રેકોર્ડ પર કેસ નથી,તે અંગેનું બાંહેધરીપત્ર સહી કરી સામેલ કરેલ છે ? હા કે ના | | |

કેન્ટીન ચલાવવા માટેની શરતો વાંચી-સમજીને સ્વીકારી શરતવાળુ ફોર્મ સહી કરી સામેલ કરેલ છે.

સ્થળઃ- કોન્ટ્રાકટરની એજન્સીનું નામ......................................

તારીખઃ- ટેન્ડર ભરનારનું નામ...........................................

ટેન્ડર ભરનારની સહી...........................................

સાક્ષી ની સહી

સાક્ષી નું નામ તથા સરનામું

# બાહેંધરી પત્રક

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી ઇજ્નેરી કોલેજ – પાટણ

**સરકારી ઇજ્નેરી કોલેજ, પાટણ  માટે કોલેજ ભોજનાલય અને કેન્ટીન કોન્ટ્રાકટ (૨૦૨૪-૨૫) માટે અરજી કરવા અન્વયે** આથી બાહેંધરી આપવામાં આવે છે કે અમો કોઇ પણ નાણાકીય સંસ્થા/બેંક ના ડીફોલ્ટર નથી. તેમજ અમારા ઉપર કોઇ પોલીસ/કોર્ટ કેસ થયેલ નથી. જે બાબતની અમે ખાત્રી આપીએ છીએ.

સ્થળઃ-  કોન્ટ્રાકટરની એજન્સીનું નામ.....................................

તારીખઃ-  ટેન્ડર ભરનારનું નામ...........................................

ટેન્ડર ભરનારની સહી...........................................

**સીલ**

સાક્ષી ની સહી

સાક્ષી નું નામ તથા સરનામું

## બાહેંધરી પત્રક કોન્ટ્રાકટરની ફર્મ નાં લેટર હેડ પર આપવું.

**( કવર ૧ માં સામેલ કરવું )**

## ભાગ-૨ ( કવર ૧ માં સામેલ કરવું )

**(A) કુમાર અને કન્યા છાત્રાલય માટે ભોજનાલય ચલાવવા વાર્ષિક કોંન્ટ્રાક્ટ ની સામાન્ય શરતો**

## ( આ શરતો માન્ય હોવાનુ દરેક પાના પર સહી કરી કવર-1 મા સામેલ કરવાનુ રહેશે)

1. ભોજનાલય માટે કોલેજ તરફથી જરૂરી મકાન તથા ભોજ્નાલયના ડાયનીંગ ટેબલ અને ખુરશી તથા લાઇટ, પાણી, ગટર લાઇન વ્યવસ્થા આપવામાં આવશે. તે સિવાય જરૂરી સઘળી વ્યવસ્થા જેવી કે ગેસ ક્નેક્શન, રસોઇ, સાધનો, વાસણો, સગડા તથા થાળી-વાટકા, ગ્લાસ, ચમચી જેવા જરૂરી વાસણો તથા સીધું સામગ્રી ભરવના જરૂરી સાધનો કોંન્ટ્રાક્ટરે પોતાના લાવવના રહેશે.
2. ભોજનાલય માં રહેલ પંખા, ટયુબલાઇટ, સ્વીચ વિગેરે તથા ફર્નીચર તેમજ અન્ય વસ્તુઓ તુટે-ફુટે બંધ પડે તેની રીપેર કરવાની કે નવું કરવાની , કોઈ પણ વસ્તુ ગાયબ ના થાય તે જોવાની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. વીજળી નો વપરાશ પ્રમાણસર કરવાનો રહેશે. વીજળી વેડ્ફાય તે રીતે વપરાશ થતો જોવા મળ્શે તો ભોજનાલય કમીટી યોગ્ય લાગે તે દંડ કરી શકશે
3. ભોજનાલયમાં ઉપલબ્ધ પાણી પુરવઠો જો કોઈ સંજોગોમા ખોરવાય તો પાણીની વ્યવસ્થા કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરવાની રહેશે.
4. કોન્ટ્રાકટર ભોજનાલય સંભાળે ત્યારે જે સ્થિતીમાં આપવામાં આવી હોય તેનું લીસ્ટ કરી બે દિવસમાં કમિટીને આપવાનું રહેશે. અને કોન્ટ્રાકટ પુરો થયે આ વસ્તુઓ જે સ્થિતીમાં આપેલ હોય તે જ સ્થિતીમાં ભોજનાલય કમિટીને પરત સોંપવાની રહેશે.
5. ભોજનાલય કોન્ટ્રાકટરે ને કેન્ટીનમાં તથા તેની આસપાસ કોઇપણ જાતની ગંદકી ના થાય તે બાબતે યોગ્ય ધ્યાન આપવાનું રહેશે અને રોજેરોજ બધા વાસણો તથા કપ, રકાબી, ડીશ વિગેરે બરાબર સાફ કરી લુછ્યા પછી વાપરવાના રહેશે. તેમજ જે-તે ઓર્ડર પુર્ણ થયે તરત ટેબલ ખુરશી સાફ કરવાના રહેશે. ભોજનાલયના બારી બારણા તથા કાચ બરાબર સાફ રાખવાના રહેશે. ભોજનાલયમાં તથા તેની આસપાસ ની જગ્યા તેમજ વોશબેસીન અને ટોયલેટ નિયમિત રીતે બરાબર સાફ કરવાના રહેશે. ભોજનાલયનો તમામ પ્રકારનો કચરો નિયમીત રીતે નિકાલ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. સફાઇની સામગ્રી કોન્ટ્રાકટરે પોતાની વાપરવાની રહેશે.
6. ભોજનાલયની ગટરની તથા ભોજનાલય ના બિલ્ટ અપ એરિયાની સફાઇ બ્હાર ફરતે ૧૦ ફૂટ જગ્યા કોન્ટ્રાકટરે સ્વખર્ચે અને પોતાની જવાબદારી હેઠળ નિયમીત કરાવવાની રહેશે. ભોજનાલય માટે જે વસ્તુ/ જગ્યા તમોને આપવામાં આવશે તે બધી જ સ્વચ્છ રાખવાની રહેશે.
7. દર મહિને એક વખત કોન્ટ્રાકટરે કોલેજ ભોજનાલયની નિયમીત સેવા ને અસર ના થાય તે રીતે માન્ય જંતુનાશક નો ઉપયોગ કરી વપરાશની જગ્યા જંતુમુક્ત-સ્વચ્છ કરવાની રહેશે.
8. ગેસ ક્નેક્શન તથા ગેસ ના બાટલા ભરાવવાનો ખર્ચ કોંન્ટ્રાક્ટરે કરવાનો રહેશે.
9. કોલેજ દ્વારા પુરી પાડેલ સાધન સામગ્રી ફર્નિચર તથા મકાનને સંપૂર્ણ રીતે **સ્વચ્છ રાખી** જાળવણી કરવાની જવાબદરી કોંન્ટ્રાક્ટરની રહેશે. તેમા કોઇપણ પ્રકારની તૂટ-ફૂટ કે ભાંગ-તોડ થશે તો કોંન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે

દુરસ્ત કરાવવના રહેશે અને કોલેજે આ સઘળિ મિલ્કત જે હાલતમાં આપી હશે તે તે જ હાલત માં કોંન્ટ્રાક્ટ પુરો થયે કોલેજ ને તે પરત સોપવાની રહેશે.

10. કોંન્ટ્રાક્ટ પુરો થયે મિલ્કત પરત સોંપણી વખતે કોલેજ જે સૂચવે તે રીપેરીંગ કરી આપવાની જવાબદરી કોંન્ટ્રાક્ટરની રહેશે. અન્યથા તેનું રીપેરીંગ- મરામત કોલેજ જાતે કરાવી તેની ખર્ચની વસુલાત કોંન્ટ્રાક્ટરની ડિપોઝીટમાંથી કરાશે. જે કોંન્ટ્રાક્ટરને બંધનકર્તા રહેશે.
11. સદર કોંન્ટ્રાક્ટર સામાન્ય રીતે એક વર્ષના નિયત સમય માટે છે તેમ છતાં કોંન્ટ્રાક્ટર દ્વારા કોંન્ટ્રાક્ટની કોઇપણ શરતોનો ભંગ થયેલ જણાશે અથવા કોલેજ કોંન્ટ્રાક્ટ સમાપ્ત કરવા ઇચ્છશે તો તે સંબંધી નોટીસ એક માસ અગાઉ આપવાની રહેશે. તે જ રીતે કોંન્ટ્રાક્ટર સમય મર્યાદા પહેલા કોંન્ટ્રાક્ટ પૂર્ણ કરવા ઇચ્છશે તો તેઓએ પણ કોલેજને એક માસ અગાઉ જાણ કરવાની રહેશે અને સમય મર્યાદા પહેલા કોંન્ટ્રાક્ટ પૂર્ણ કરવાના કિસ્સામાં તેઓની ભરેલી ડિપોઝીટ જપ્ત થશે.
12. ભોજનાલય કોન્ટ્રાકટરે પોતે અથવા તેમના દ્વારા નિયુક્ત ભોજનાલય મેનેજરે ભોજનાલય ના સમય દરમિયાન ફરજીયાત હાજર રહેવાનું રહેશે.
13. જે કોન્ટ્રાકટરને ભોજનાલય કોન્ટ્રાકટ આપ્યો હશે તેણે જ ભોજનાલય ચલાવવાની રહેશે. બીજી કોઇ વ્યકિતને ભોજનાલય ચલાવવા માટે ભાડે કે પેટાભાડે ચલાવવા માટે આપી શકાશે નહીં. કોન્ટ્રાકટરે અન્ય કોઇને ભોજનાલય ચલાવવા ભાડે કે પેટા ભાડે આપ્યાનું ભોજનાલય કમિટીની જાણમાં આવશે કે તુરંતજ કોન્ટ્રાકટર પાસેથી ભોજનાલય નો કબ્જો પરત લઇને ભોજનાલય કમિટી સીકયુરીટી ડીપોઝીટની રકમ પણ જપ્ત કરશે અને આ બાબતે કોન્ટ્રાકટરનો કોઇપણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહીં.
14. ભોજનાલય અંગે જો કોન્ટ્રાકટરને કોઇપણ રજુઆત કરવાની થાય તો તે ફકત કમિટીને જ કરવાની રહેશે, અને તેનો નિર્ણય આખરી ગણાશે, તેમજ તે પ્રમાણે અમલ કરવાનો રહેશે.
15. ઉપરોકત કલમોમાં દર્શાવ્યા સિવાયની કોઇ મૌખીક સુચનાઓ ભોજનાલય કમિટી ધ્વારા આપવામાં આવશે તો તે ભોજનાલય કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે
16. કોઇપણ વિધ્યાર્થી સાથેનો આર્થિક વ્યવહાર (ઉધાર-રોકડા-ખાતુ) વિગેરેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. સરકારની સુચના પ્રમાણે ભોજનાલય ના તમામ વ્યહવાર કેશ લેસ કરવાની સમ્પુર્ણ તૈયારી ભોજનાલય કોન્ટ્રાકટર એ રાખવાની રહેશે .
17. ભોજનાલય માટે જરૂરી સ્ટાફ કોંન્ટ્રાક્ટરે પોતાનો રાખવાનો રહેશે. રસોઇ સાથે સંક્ળાયેલ સ્ટાફ કોઇપણ રોગ કે ચેપીરોગથી પીડીત હોવો જોઇએ નહીં. વધુમાં મજૂર કાયદા અધિનિયમ અને સરકારશ્રીના વખતોવખતના સઘળા કાયદાઓ પાળવાના રહેશે. તેમજ હોસ્ટેલના વાતાવરણને અડચણરૂપ થાય તેવી કોઇ જ પ્રવૃતિ ન થાય તેનું ધ્યાન રાખવાનું રહેશે. દરેક કર્મચારીનું મેડીકલ ચેક-અપ કરાવવાનું રહેશે. તેઓ સામે કોઇપણ પોલીસ/ન્યાયાલય મા કેસ ચાલુ ના હોવો જોઇએ, તેઓ ગેરકાયદેસર પ્રવુત્તિમા ના જોડાયેલ હોવા જોઇએ,તેઓ શારીરીક તથા માનસીક રીતે સ્વસ્થ હોવા જોઇએ. આ અંગે કોંન્ટ્રાક્ટરે રેક્ટર તથા હોસ્ટેલના ગૃહપતિના સૂચનાનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે.

18. ભોજનાલય માં ફરજ બજાવતા દરેક સ્ટાફે છાત્ર/કર્મચારી સાથે વિવેકથી વર્તવાનું રહેશે .જો ભોજનાલય માં કોઇ પણ પ્રકારના ગેરવર્તણુક ની ફરિયાદ મળશે તો ભોજનાલય નો કરાર રદ કરવાની સત્તા કેન્ટીન કમિટિની રહેશે.
19. કોંન્ટ્રાક્ટરે સામાન્ય રીતે દરેક પ્રકારની કામગીરી માટે હોસ્ટેલના રેક્ટર તથા ગૃહપતિ જે સૂચના આપે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
20. હોસ્ટેલના રેકટરશ્રી અથવા ગૃહપતિ અથવા કોલેજનાં પ્રતિનિધિ કે તકેદારી અધિકારી દ્વારા કોઇપણ સમયે ઓચિંતી ચકાસણી કરવામાં આવે ત્યારે કોંન્ટ્રાક્ટરે સંપૂર્ણ સહયોગ આપવાનો રહેશે તથા તે અંગે કોલેજ તરફથી મળતી સૂચનાઓનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે.
21. \અનાજ-કઠોળ-મસાલા-શાક વિગેરે વ્યવસ્થિત સફાઇ કરીને રસોઇ બનાવવાની રહેશે. રસોડામાં દરેક વસ્તુઓ સારી કવોલીટીની વાપરવાની રહેશે. રસોઇ માટે બ્રાંડેડ કમ્પનીના રીફાઇંડ અ) શીંગતેલ/સોયાબીન તેલ/ સુર્યમુખી તેલ/ રાઇસ બ્રાન તેલ /ક્પાસીયા તેલ બ) ભાત માટે જીરાસર/કૉલમ કે તેને સમકક્ષ ક્વોલીટીના ચોખા ક) ઘઉ તથા કઠોળ સારા દાણા ડ) બ્રાંડેડ કમ્પનીની જ ડેરી પ્રોડક્ટસ/મસાલા/સોસ-કેચપ વિગેરે નો ઉપયોગ કરવાનો રહેશે. કંપની દ્વારા સપ્લાય થતી સ્ટાનડર્ડ વસ્તુ સિવાયની તમામ વસ્તુઓ ભોજનાલયમાં જ બનાવવાની રહેશે. ભોજનાલય મા તાજા ખાધ્ય પદાર્થો જ રાખવાના /પીરસવાના રહેશે. હાયડ્રોજીનેટેડ વનસ્પતી ઓઇલ નો ઉપયોગ કરી શકાશે નહી. કોંન્ટ્રાક્ટરે સારી ગુણવતાનું જ ભોજન આપવાનું રહેશે. તે માટે રેકટરશ્રી કે ગૃહપતિ જે સૂચના આપે તેનો અમલ કરવાનો રહેશે. જો ભોજનની ગુણવત્તા ખરાબ જણાશે તો કોંન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે, અને તે કિસ્સામાં તેઓની ભરેલી ડિપોઝીટ જપ્ત થશે.
22. ભોજનાલય નો ઉપયોગ નોનવેજ વસ્તુ રાખવા/બનાવવા/પિરસવા તથા અન્ય આલ્કોહોલ કે સરકાર દ્વારા પ્રતિબંધિત વસ્તુ રાખવા/ બનાવવા/પિરસવા માટે થઈ શકશે નહી અન્યથા દંડ કરવામા આવશે , ભોજનાલય કરાર તાત્કાલીક અસરથી રદ કરવામા આવશે તથા સિક્યોરીટી ડિપોજીટ ની રકમ પણ જપ્ત કરવામા આવશે.
23. ભોજનમાં કોંન્ટ્રાક્ટરે બ્રાન્ડેડ કપાસીયા તેલ/સીંગતેલ, ઘી, તથા દાળ-ચોખા અને મસાલા એગમાર્કે આઇ.એસ.ઓ. સ્ટાન્ડર્ડના જ વાપરવના રહેશે.
24. <u>વેકેશન/રજા નાં દિવસો ના સમય દરમ્યાન પણ ભોજનાલય ચાલુ રાખવાની રહેશે તથા નિયત દર મુજબ જ ભાડુ ચુકવવાનુ રહેશે. ભોજનાલય કોન્ટ્રાકટર, સંસ્થાની પૂર્વ મંજુરી સિવાય ભોજનાલય બંધ રાખી શકાશે નહી.</u>
25. <u>હોસ્ટેલમાં ભોજન લેતા વિધાર્થી ને નિયમાનુસાર મહિનામાં આઠ દિવસના ભોજનના આખા કટ આપવાના રહેશે. હોસ્ટેલમાં ભોજન લેતા વિધાર્થીઓનું કોંન્ટ્રાક્ટરે ફરજિયાત મસ્ટર નિભાવવાનું રહેશે. ફાઇનલ વર્ષમાં ભણતા વિદ્યાર્થીઓ ને **આઠમા સેમેસ્ટર માં છૂટક પૈસા** આપીને જમવાની છૂટ રહેશે.</u>
26. કોલેજ ભોજનાલય કોન્ટ્રાક્ટરે એક ફરિયાદ રજિસ્ટર નિભાવવાનુ રહેશે. આવુ એક રજિસ્ટર બનાવી તેમા પેજ નમ્બર લખી તેની બાજુમા ભોજનાલય કમિટી દ્વારા સહી સિક્કા કરાવી લેવાના રહેશે. જેની પણ ફરીયાદ

મળે તેની નોંધ કરવાની રહેશે તથા ફરિયાદીને તેની પંહોચ આપવાની રહેશે.આવી ફરીયાદ મળે તરત જ ભોજનાલય કમિટી સમક્ષ રજિસ્ટર રજુ કરી તે બાબતે યોગ્ય ખુલાસો કરવાનો રહેશે. કોઇ પણ ફરિયાદ ની ગમ્ભીરતા ને ધ્યાને લઈ ભોજનાલય કમિટી અ) સુધારાની તક આપી શકશે બ) પેનલ્ટી ફટ્કારી શકશે ક) કોન્ટ્રાક્ટ રદ કરી શકશે ડ) સિક્યોરીટી ડિપોજીટ્ની રકમ જપ્ત લઈ શકશે.

27. વેકેશનના સમયગાળા દરમિયાન જે વિધાર્થીઓ હોસ્ટેલમા રોકાતા નથી, તે વિધાર્થીઓને ભોજનમા કટ આપવાના રહેશે. ઉપરાંત જો કોઇ વિધાર્થી હોસ્ટેલમા વેકેશન દરમિયાન રોકાયેલ હોય તો તેનુ ભોજન બીલ માસિક ભોજન બીલ ના પ્રમાણથી જેટલા દિવસ ભોજન લીધુ હોય તે પ્રમાણે ગણતરી કરવાની રહેશે. જેમકે માસિક ભોજન બીલ ૩૦૦૦ રૂપિયા હોય અને વિધાર્થીએ ૫ દિવસ ભોજન લીધુ હોય તો એક દિવસના ૧૦૦ રૂપિયા લેખે પાંચ દિવસના ૫૦૦ રૂપિયા ભોજન બીલ તરીકે લેવાના રહેશે.
28. વિધાર્થી/વિધાર્થીનીઓનું ભોજન બીલ દર મહિને ઉઘરાવવાની તથા હિસાબ નીભાવવાની સંપૂર્ણ જવાબદારી કોંન્ટ્રાક્ટરેની રહેશે.
29. કોંન્ટ્રાક્ટરે બંને ભોજનાલયનું ભાડું દર મહિનાના પ્રથમ સપ્તાહમાં ફરજિયાત પણે સંસ્થાના એકાઉન્ટ વિભાગ મા અચુક જમા કરાવવાની રહેશે. હિસાબી શાખામા થી મળેલ પંહોચની નકલ ભોજનાલય સમીતીમા અચુક જમા કરાવવાની રહેશે. બે માસનુ ભાડુ બાકી રહેશે તો તાત્કાલીક અસર થી કરાર આપોઆપ રદ થશે અને સિક્યોરીટી ડિપોજિટ્ની રકમ જપ્ત કરી શકાશે.
30. કોંન્ટ્રાક્ટરે ટેંન્ડરમાં ભાવો તમામ પ્રકારના કરવેરા સહિતના ચુકવવા પાત્ર જ ભરવાના રહેશે. ભરેલ ભાવો પર કોઇપણ જાતનો વધારો વર્ષ દરમ્યાન આપવામાં આવશે નહીં.
31. સદર ભાવોમાં સરકારશ્રીના ધારાધોરણ પ્રમાણેના તમામ કરવેરાઓ જેવાકે, સેલ્સ ટેક્ષ, સર્વિસ ટેક્ષ,વેટ વગેરેનો સમાવેશ કરીને જ આખરી ભાવો આપવાના રહેશે. ભરેલ ભાવો પર GST ચૂકવવામાં આવશે નહીં.
32. ભોજનાલયમાં નોકરો તથા રસોઇયા પુખ્તવયના રાખવાનાં રહેશે. દરેક કર્મચારી પોતાની સ્વચ્છતા અંગે કાળજી લેશે.
33. ભોજનાલય અંગેના તમામ નિયમો અને હવે પછી કોલેજ તરફથી અવાર-નવાર થતાં નિયમોંના ફેરફારો કોંન્ટ્રાક્ટરને બંધનકર્તા રહેશે.
34. કોઇપણ બાબતમાં વિવાદ થાય તો આચાર્યશ્રી ની લવાદી ફરજિયાત રહેશે અને તેમનો નિર્ણય અંતિમ ગણાશે.
35. ભોજનાલયમાં ગુટખા, સિગારેટ, પાન-મસાલા જેવી અન્ય કેફી વસ્તુઓ રાખી અને વેચી શક્શે નહીં અને તેનો ઉપયોગ કરનારને કોલેજના નિયમોનુસાર દંડ ભરવાનો રહેશે.
36. ભોજનાલયમાં ફક્ત અધિકૃત (હોસ્ટેલમાં પ્રવેશ મેળવેલ) વિધાર્થીઓ જ ભોજન લઇ શક્શે. અન્ય કોઇ વ્યક્તિ ભોજન લઈ શક્શે નહીં. ઓળખ વિનાની/ઓળખ પત્ર વિનાની બહારની કોઇ અનઅધિકુત વ્યક્તિ માટે ભોજન ખંડમા પ્રવેશ પ્રતિબંધિત છે.

37. ધાર્મિક કારણોસર જે વિધાર્થી ઓ ડુંગળી- લસણ વાળુ ભોજન ન લેતો તેવા વિધાર્થી ઓ માટે કોંન્ટ્રાક્ટરે પોતાની રીતે વ્યવસ્થા પણ કરવાની રહેશે. તથા વિધાર્થી ની બિમારીના કોઇ કિસ્સામાં સાવચેતીરૂપે ભોજનમાં ફેરફારની વ્યવસ્થા પણ કરવાની રહેશે.

38. ભોજન લેનાર વિધાર્થીઓની કમીટીનું સંતોષકારક ભોજન બાબતનું સટિફિકેટ કોંન્ટ્રાક્ટરે દર માસના અંતે ગૃહપિતાને ફરજીયાત આપવાનું રહેશે. વિધાર્થીઓની ભોજન કમીટી રોટેશન મુજબ ફેકલ્ટી વાઇઝ દર માસે રેકટરશ્રી અથવા ગૃહપિતા દ્વારા નકકી કરવામાં આવશે.

39. કોંટ્રાક્ટરે કોવિડ ગાઈડલાઈન નુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

40. કોંન્ટ્રાક્ટરે નીચે મુજબની ભોજન વ્વસ્થા પૂરી પાડવાની રહેશે.

| | |
|---|---|
| **સવારે** | **સમય**: ૭:૦૦ થી ૯:૦૦ કલાક |
| | ચા, કોફી અને નાસ્તો (દરરોજ) |
| | અઠવાડિયામાં નીચેનામાંથી દરરોજ અલગ-અલગ કોઇ પણ એક નાસ્તો પસંદ કરવો.<br>૧. પોંઆ  ૨. આલુ પરોઠા<br>૩. થેપલા  ૪. ઉપમા<br>૫. પાપડી/ગાંઠિયા (પેકેટ)  ૬. ખરી/બિસ્કિટ/ટોસ<br>૭. ફરસાણ પૂરી  ૮. મસાલા ચણા(બાફેલા)<br>૯. મેંદુવાડા  ૧૦. નુડલ્સ |
| **બપોરનું ભોજન** | **સમય**: ૧૧:૦૦ થી ૨:૦૦ કલાક |
| | દરરોજ રોટલી, દાળ, લીલું શાક, કઠોળ, ભાત, પંજાબી દાળ.<br>(દર ગુરુવારે બપોરે ચેઈન્જમાં કઢી, ભાત, રોટલી, લીલું શાક, મગની છૂટી દાળ) |
| | દરરોજ કચુંબર, ગોળ અને આચાર. (અઠવાડિયામાં કોઈપણ બે દિવસ કંચુબરની જગ્યાએ ભૂંગળા આપવા)<br>નોંધ: કંચુબર ગાજર, ટામેટાં, ડુંગળી, કાકડી, કોબીજ, બીટ વગેરેમાંથી બનાવી શકાય. |
| | વિધ્યાર્થીઓની જરૂરિયાત મુજબ મહિનામાં કોઈપણ બે દિવસ નીચે પ્રમાણેનું ભોજન રાખવું.<br>**૧.સ્વીટ (સીઝનેબલ)**: દૂધ પાક, રસ, શીખંડ, મગની દાળનો શીરો, ગુલાબજાંબુ, માવાની મીઠાઇ, ફ્રૂટ સલાડ, જલેબી, લાડુ, હલવા વગેરે માંથી કોઇ એક.<br>**૨. ફરસાણ**: કટલેસ, ઇદડા, સમોસા, મીક્સ ગોટા, ખમણ, ટીકડી પાત્રા, સેન્ડવિચ ઢોકળા વગેરે માંથી કોઇ એક.<br>૩. પુરી/ પરોઠા, મીક્સ શાક, કઠોળ, દાળભાત અથવા કઢીભાત<br>૪. કચુંબર, ભૂંગળા, અચાર |
| **સાંજનું ભોજન** | **સમય**: ૦૬:૩૦ થી ૦૮:૩૦ કલાક |
| | ૧. ભાખરી, શાક, ખીચડી, મીઠી કઢી (અઠવાડીયા માં એક દિવસ)<br>૨. પરોઠા, શાક, દહી, કચુંબર, ચટણી (અઠવાડીયામાં એક દિવસ)<br>૩. દાલ- બાટી, લસણ ચટણી, છાશ, કચુંબર, લીંબુ, પાપડ (અઠવાડીયા માં એક દિવસ)<br>૪. છોલે પુરી, છાસ, તળેલા મરચા (અઠવાડીયા માં એક દિવસ)<br>૫. અઠવાડીયામાં ત્રણ દિવસ ચેઇન્જ આપવો અને નીચેનામાથી પસંદ કરવું.<br>અ. પુરી, શાક, પુલાવ, કઢી<br>બ. પાંઉ- ભાજી, છાશ, કચુંબર, લીંબુ<br>ક. ઇડલી-સંભાર, ચટણી |

| | |
|---|---|
| | ડ. રોટલી શાક દાળ ફ્રાય જીરા રાઈસ<br>ઇ. વિધાર્થીઓની જરૂરિયાત મુજબ<br>નોંધ: છાસ પેકેટ વાળી આપવાની રહેશે. |

**દરેક પ્રસંગે ન્યાયક્ષેત્ર પાટણ રહેશે. "Subject to "Patan Jurisdiction"**

ઉપરોકત તમામ શરતો મેં વાંચી છે, આ શરતો મને મંજુર છે. ઉપરોક્ત તમામ શરતો અમોને (છાત્રાલય ભોજનાલય કોન્ટ્રાકટરને) મંજુર તથા બંધન કર્તા રહેશે તે મુજબ નો બાંહેધરી ખતપત્ર રૂ. 100/- ના સ્ટેમ્પ પેપર ઉપર કોંટ્રાક્ટ અપાયાની જાણ કરતા પત્રની તારીખથી દસ દીવસ મા હુ રજુ કરીશ તેની બાંહેધરી આપુછુ.

સ્થળઃ- અરજદાર એજન્સીનું નામ......................................

તારીખઃ- ટેન્ડર ભરનારનું નામ...........................................

ટેન્ડર ભરનારની સહી...........................................

**સીલ**

સાક્ષી ની સહી

## (B) સરકારી ઇજનેરી કોલેજ, પાટણ  માટે કેન્ટીન ચલાવવા માટેની શરતો (૨૦૨૪-૨૫)
## ( આ શરતો માન્ય હોવાનુ દરેક પાના પર સહી કરી કવર-1 મા સામેલ કરવાનુ રહેશે)

**A) કેન્ટીન સેવા ચાલુ રાખવાના દિવસો તથા સમય અનુસંધાને લાગુ પડતી શરતો**

**A-1** કરાર મળ્યાના ત્રણ દિવસ મા કેન્ટીન ચાલુ કરવાની રહેશે . સંસ્થામા સરકારી નિયમ મુજ્બ જાહેર રજા ના દિવસો તથા હાલ પ્રત્યેક માસના બીજા તથા ચોથા શનિવારે તથા પ્રત્યેક રવિવારે સંસ્થા બંધ રહે છે તે ધ્યાન મા રાખી સંસ્થા ચાલુ હોય તે દિવસોમા કેંટીન ફરજિયાત ખુલ્લી રાખવાની રહેશે. વેકેશન/રજા નાં દિવસો ના સમય દરમ્યાન પણ કેંટીન ચાલુ રાખવાની રહેશે તથા નિયત દર મુજબ જ ભાડુ ચુકવવાનુ રહેશે. કેન્ટીન કોન્ટ્રાકટર , સંસ્થાની પૂર્વ મંજુરી સિવાય કેન્ટીન બંધ રાખી શકાશે નહી.  કેન્ટીન મા રજા રાખવા બાબતે ગુમાસ્તા ધારા /અન્ય સમ્બંધિત પ્રવર્તમાન નિયમ નુ પાલન કરવાનુ રહેશે.

**A-2** કેન્ટીન **સવારે ૦૯:30 વાગ્યાથી  રાત્રે  ૦૬:30** વાગ્યા સુધી જ કોન્ટ્રાકટરને વાપરવા માટે આપવામાં આવશે. તે સમય બાદ કેન્ટીન બંધ કરી દેવાની રહેશે. સંસ્થાની જરૂરિયાત મુજબ સમયમાં ફેરફાર કરી શકાસે.

**B) કેન્ટીન મા રાખવાની થતી ખાધ્ય વાનગી,ગુણવત્તા, ભાવ તથા સેવા અનુસંધાને લાગુ પડતી શરતો**

B-1 અનાજ-કઠોળ-મસાલા-શાક વિગેરે વ્યવસ્થિત સફાઇ કરીને રસોઇ બનાવવાની રહેશે.રસોડામાં દરેક વસ્તુઓ સારી કવોલીટીની વાપરવાની રહેશે. રસોઇ માટે બ્રાંડેડ કમ્પનીના રીફાઇંડ અ)  શીંગતેલ/સોયાબીન તેલ/ સુર્યમુખી તેલ/ રાઇસ બ્રાન તેલ /કપાસીયા તેલ બ)  ભાત માટે જીરાસર/કૉલમ કે તેને સમકક્ષ ક્વોલીટીના ચોખા ક) ઘઉ તથા કઠોળ સારા દાણા ડ) બ્રાંડેડ કમ્પનીની જ ડેરી  પ્રોડક્ટસ/મસાલા/સોસ-કેચપ વિગેરે નો ઉપયોગ કરવાનો રહેશે. કંપની દ્વારા સપ્લાય થતી સ્ટાન્ડર્ડ વસ્તુ સિવાયની તમામ વસ્તુઓ કેન્ટીનમાં જ બનાવવાની રહેશે. હાયડ્રોજીનેટેડ વનસ્પતી ઓઇલ નો ઉપયોગ કરી શકાશે નહી.

B-2 કોન્ટ્રાકટરે બધી વાનગીઓ નાં  ભાવ ટેંડર મા ભરેલ ભાવ પ્રમાણે લેવાના રહેશે . સ્ટાન્ડર્ડ કંપનીના બિસ્કીટ, વેફર,પોપકોર્ન , નમકીન, દુધ , સોફ્ટ ડ્રીંક્સ (માઝા, ફ્રુટી વિગેરે ) મેક્સિમમ રિટેલ પ્રાઇસ પ્રમાણે આપવાનુ રહેશે . કોન્ટ્રાકટ આપતી વખતે નકકી થયેલ વસ્તુઓ સિવાયની અન્ય વસ્તુઓ રાખવા માટે કેન્ટીન કમિટીની લેખિત મંજુરી લેવાની રહેશે તથા કેન્ટીન કમિટી દ્વારા જે ભાવ મંજુર રાખેલ હશે તે ભાવ જ આવી વાનગીઓના લેવાના રહેશે. જો કોન્ટ્રાકટરને તેમની સંમતિથી એક્ષ્ટેન્શન આપવામાં આવે તો દરેક વસ્તુના ભાવની બજારભાવ પ્રમાણે સમીક્ષા  કરી કેન્ટીન કમિટી દ્વારા  જે ભાવ મંજુર રાખવામા આવે તે જ ભાવ, કોન્ટ્રાકટરે બધી વાનગીઓ ના લેવાના રહેશે.

B-3 કેન્ટીન મા તાજા ખાધ્ય પદાર્થો જ રાખવાના /પીરસવાના રહેશે. ખાધ પદાર્થોની ગુણવતા અને વજન અંગે કેન્ટીન કમિટી ગમે ત્યારે ચકાસણી કરી શકશે. જેમાં ખામી જણાતા કમીટી યોગ્ય લાગે તે દંડ કરી શકશે /કોન્ટ્રાક્ટ રદ કરી પાર્ટીને બ્લેક લીસ્ટમા મુકવામાં આવશે. દરેક બાબતમાં કેન્ટીન કમિટી નો નિર્ણય આખરી અને બંધન કર્તા રહેશે.

B-4 કોન્ટ્રાકટરે  દર મહિને કેન્ટીન કમિટી સાથે મીટિંગ કરવાની રેહેશે તથા તેઓ દ્વારા સુચવાયેલ મેનુ પ્રમાણે રોજેરોજ વાનગીઓ ફરજીયાત રાખવાની /બનાવવાની રહેશે. જો આ શરતનું પાલન નહિ થાય તો તે બાબતે

કેન્ટીન કમિટી અ) સુધારાની તક આપી શકશે બ) પેનલ્ટી ફટ્કારી શકશે ક) કોન્ટ્રાક્ટ રદ કરી શકશે ડ) સિક્યોરીટી ડિપોજીટ્ની રકમ જપ્ત લઈ શકશે.

B-5 તોલમાપ વિભાગ દ્વારા માન્ય કરેલ હોય તેવોજ ડીઝીટલ વજન કાંટો રાખવાનો રહેશે.

B-6 કેન્ટીનમાં પાન-ગુટકા ,બીડી, તમાકુ, સીગારેટનું તેમજ પ્રતિબંધીત ચીજોનું વેચાણ કરી શકાશે નહીં. તેમજ કેન્ટીનમાં કામ કરતા કોન્ટ્રાકટર કે કર્મચારીઓ પણ સેવન કરી શકશે નહીં.

B-7 ચા-કોફી માટે કાચ ના, સ્ટીલના કે કાગળના કપ વાપરવાના રહેશે.

B-8 કોન્ટ્રાકટરે પોતાના માણસો દ્વારા કોલેજ સ્ટાફને જે-તે વિભાગમા ઓર્ડર અનુસાર પ્રાધાન્ય આપી ચા-કોફી ,જે-તે ફુડ આઇટમ પહોંચાડવાની રહેશે. તેમજ કોલેજ સ્ટાફ માટે બેસવાની અલગ વ્યવસ્થા કરવાની રહેશે.

B-9 સંસ્થાના છાત્રો કેન્ટીનમાં પોતાનો નાસ્તો લઈને આવે તો તેમને બેસવા દેવાની છુટ આપવાની રહેશે.

B-10 કેંટીન નો ઉપયોગ નોનવેજ વસ્તુ રાખવા/બનાવવા/પિરસવા તથા અન્ય આલ્કોહોલ કે સરકાર દ્વારા પ્રતિબંધિત વસ્તુ રાખવા/ બનાવવા/પિરસવા માટે થઈ શકશે નહી અન્યથા દંડ કરવામા આવશે ,કેંટીન કરાર તાત્કાલીક અસરથી રદ કરવામા આવશે તથા સિક્યોરીટી ડિપોજીટ ની રકમ પણ જપ્ત કરવામા આવશે.

**C કેન્ટીન કોન્ટ્રાકટર ને અપાયેલ જગ્યા/વસ્તુ ની જાળવણી તથા કોન્ટ્રાકટરે રાખવાની થતી વસ્તુઓ બાબતે શરતો**

**C-1** કોન્ટ્રાકટર કેન્ટીન સંભાળે ત્યારે જે સ્થિતીમાં આપવામાં આવી હોય તેનું લીસ્ટ કરી બે દિવસમાં કમિટીને આપવાનું રહેશે. અને કોન્ટ્રાકટ પુરો થયે આ વસ્તુઓ જે સ્થિતીમાં આપેલ હોય તે જ સ્થિતીમાં કેન્ટીન કમિટીને પરત સોંપવાની રહેશે

**C-2** કેન્ટીન માં વાસણો-ગેસ-ચુલા વિગેરે રસોઇની તથા જમવાની / પીરસવાની સમગ્ર વસ્તુઓની વ્યવસ્થા કોન્ટ્રાક્ટરે કરવાની રહેશે. સંસ્થા ખાતે પાઇપ્ડ નેચરલ ગેસ નુ કનેક્શન લેવામા આવે તો રસોઇ માટે ફરજિયાત પણે તેનો જ ઉપ્યોગ કરવાનો રહેશે તથા તે માટે ના બિલ ની રક્મ સમ્બંધીત માસ ના કેંટીન ના ભાડા ની રક્મ સાથે અલગ ચેક થી ભરપાઇ કરવાની રહેશે .

**C-3** કેન્ટીન માં રહેલ પંખા, ટયુબલાઇટ, સ્વીચ વિગેરે તથા ફર્નીચર તેમજ અન્ય વસ્તુઓ તુટે-ફુટે બંધ પડે તેની રીપેર કરવાની કે નવું કરવાની , કોઈ પણ વસ્તુ ગાયબ ના થાય તે જોવાની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. વીજળી નો વપરાશ પ્રમાણસર કરવાનો રહેશે. વીજળી વેડ્ફાય તે રીતે વપરાશ થતો જોવા મળ્શે તો કેંટીન કમીટી યોગ્ય લાગે તે દંડ કરી શકશે.

**C-4** કેન્ટીન માં આર.ઓ. વોટર પ્યુરીફાયર તથા પાણી ના કુલર કેન્ટીન ચાલુ હોય ત્યારે ફરજીયાત ચાલુ રાખવાનું રહેશે તથા તેની સાફ સફાઇ તથા રીપેરિંગ કરવાની વ્યવસ્થા તથા તેના ખર્ચની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. આર.ઓ. વોટર પ્યુરીફાયર તથા પાણી ના કુલર સંસ્થા તરફથી ચાલુ કંડીશન માં અપાયા બાદ નો મરામતનો ખર્ચ ઠેકેદાર એ કરવાનો રહેશે.

**C-5** કેન્ટીનમાં કોઇપણ પ્રકારના મ્યુઝીક સીસ્ટમ/ટી.વી. નો ઉપયોગ કરી શકાશે નહીં.

**C-6** કેન્ટીનમાં ઉપલબ્ધ પાણી પુરવઠો જો કોઈ સંજોગોમા ખોરવાય તો પાણીની વ્યવસ્થા કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરવાની રહેશે.

**D) કેન્ટીન** કોન્ટ્રાકટરે **ને સ્વચ્છતા તથા ફૂડ વેસ્ટ નિકાલ અનુસંધાને લાગુ પડતી શરતો**

**D-1** **કેન્ટીન** કોન્ટ્રાકટરે **ને** કેન્ટીનમાં તથા તેની આસપાસ કોઇપણ જાતની ગંદકી ના થાય તે બાબતે યોગ્ય ધ્યાન આપવાનું રહેશે અને રોજેરોજ બધા વાસણો તથા કપ, રકાબી, ડીશ વિગેરે બરાબર સાફ કરી લુછ્યા પછી વાપરવાના રહેશે. તેમજ જે-તે ઓર્ડર પુર્ણ થયે તરત ટેબલ ખુરશી સાફ કરવાના રહેશે.કેન્ટીનના બારી બારણા તથા કાચ બરાબર સાફ રાખવાના રહેશે. કેન્ટીનમાં તથા તેની આસપાસ ની જગ્યા તેમજ વોશબેસીન અને

ટોયલેટ નિયમિત રીતે બરાબર સાફ કરવાના રહેશે. સફાઇની સામગ્રી કોન્ટ્રાકટરે પોતાની વાપરવાની રહેશે

**D-2** કોલેજ કેન્ટીનનો તમામ પ્રકારનો કચરો નિયમીત રીતે નિકાલ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. જો સંસ્થા ખાતે કિચન વેસ્ટ આધારીત બાયોગેસ પ્લાંટ ઉભો કરવામા આવે તો ફુડ વેસ્ટનો બાયોગેસ પ્લાંટ ખાતે સ્વખર્ચે નિકાલ કરવાનો રહેશે.

**D-3** કેન્ટીનની ગટરની તથા કેન્ટીન ના બિલ્ટ અપ એરિયાની સફાઇ બ્હાર ફરતે ૧૦ ફૂટ જગ્યા કોન્ટ્રાકટરે સ્વખર્ચે અને પોતાની જવાબદારી હેઠળ નિયમીત કરાવવાની રહેશે. કેન્ટીન માટે જે વસ્તુ/ જગ્યા તમોને આપવામાં આવશે તે બધી જ સ્વચ્છ રાખવાની રહેશે

**D-4** દર મહિને એક વખત કોન્ટ્રાકટરે કોલેજ કેંન્ટીનની નિયમીત સેવા ને અસર ના થાય તે રીતે માન્ય જંતુનાશક નો ઉપયોગ કરી વપરાશની જગ્યા જંતુમુક્ત-સ્વચ્છ કરવાની રહેશે.

E) **કેન્ટીન કોન્ટ્રાકટરને કેંટીન ચલાવવા જરૂરી પરવાનગી , લાગુ પડતા વેરા તથા રાખવાના થતા સ્ટાફ તથા તેઓની વર્તણુક બાબતે લાગુ પડતી શરતો**

E-1 જે પણ કોન્ટ્રાકટર ને કોન્ટ્રાકટ મળે તેણે કોન્ટ્રાકટ મળે તારીખથી એક માસ મા સબંધીત લેબર કમિશ્નર કચેરી ખાતે કોન્ટ્રાકટ લેબર રેગ્યુલેશન એક્ટ હેઠળ નોંધણી કરાવી લેબર લાઇસન્સ લેવાનુ તથા તેને આધારીત તમામ ફોર્માલીટીસ/કાર્યવાહી પુર્ણ કરવાની રહેશે તથા લેબર આધારીત તમામ નિયમોનુ પાલન કરવાનુ રહેશે. લેબર આધારિત કોઇપણ પ્રશ્નો માટે સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટર ની રહેશે .

**E-2** કેન્ટીન ચલાવવા માટે જરૂરી ફૂડ/આરોગ્ય ખાતા તરફથી જરૂરી લાયસન્સ મંજુરી વિગેરે કોન્ટ્રાકટરે વખતો વખત લેવાની રહેશે. તેમજ તે અંગેની સંપુર્ણ ખર્ચ સાથેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. પેઢીનો નોંધણી નમ્બર હોવો ફરજીયાત છે.જે દર્શાવવાનો રહેશે.સરકારશ્રીનાં આરોગ્ય ખાતાના નિયમો મુજબ કેન્ટીન ચલાવવાની રહેશે. કેંન્ટીન માટે જે પણ વેરા આવશે તે વેરો ભરવાની જવાબદારી કોન્ટ્રાકટર ની રહેશે.

**E-3** કેન્ટીનમાં બાળ મજૂરો રાખી શકાશે નહીં. સરકારશ્રી ના ધારા-ધોરણનો અમલ કરવાનો રહેશે. જો ભંગ કરવામાં આવશે તો કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે.

**E-4** કેન્ટીનમાં કામ કરતા દરેક કર્મચારીને કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે ગણવેશ આપવાનો રહેશે. કામના સમય દરમ્યાન દરેક કર્મચારીએ ગણવેશ પહેરવાનો રહેશે તેમજ ગણવેશની સ્વચ્છતા જાળવવાની રહેશે. રસોડામા પ્રત્યેક સ્ટાફે ફરજ દરમ્યાન માથે ટોપી તથા ખાદ્ય પદાર્થ દુષિત ના થાય તે માટે જરુર મુજબ હાથમા ગ્લોવ્જ પહેરવાના રહેશે.

**E-5** કેન્ટીનમાં કામ કરતા દરેક કર્મચારીએ નિયમીત રીતે હાથ-પગના નખ કાપવાના રહેશે. કોઇ પણ પ્રકારના ચેપી રોગ/ચામડીના રોગ ધરાવતા કર્મચારીને કામે રાખી શકશે નહીં. દરેક કર્મચારીનું મેડીકલ ચેક-અપ કરાવવાનું રહેશે. તેઓ સામે કોઇપણ પોલીસ/ન્યાયાલય મા કેસ ચાલુ ના હોવો જોઇએ, તેઓ ગેરકાયદેસર પ્રવૃત્તિમા ના જોડાયેલ હોવા જોઇએ,તેઓ શારીરીક તથા માનસીક રીતે સ્વસ્થ હોવા જોઇએ.

**E-6** કેન્ટીનની અંદરની જગ્યાનો ઉપયોગ , કોન્ટ્રાકટર કે તેમના કોઇ પણ કર્મચારી રહેણાક માટે કરી શકશે નહી. કેન્ટીનમા કામ કરતા કર્મચારીઓને જો ફરજ દરમ્યાન કોઇપણ પ્રકારનો અકસ્માત/ઈજા/મૃત્યુ થશે તો તેની સમ્પુર્ણ જવાબદારી કોન્ટ્રાકટર ની રહેશે.

**E-7** કેન્ટીન કોન્ટ્રાકટરે પોતે અથવા તેમના દ્વારા નિયુક્ત કેન્ટીન મેનેજરે કેન્ટીનના સમય દરમિયાન ફરજીયાત હાજર રહેવાનું રહેશે.

**E-8** કેન્ટીનમાં ફરજ બજાવતા દરેક સ્ટાફે છાત્ર/કર્મચારી સાથે વિવેકથી વર્તવાનું રહેશે .જો કેન્ટીનમાં કોઇ પણ પ્રકારના ગેરવર્તણુક ની ફરિયાદ મળશે તો કેન્ટીન નો કરાર રદ કરવાની સત્તા કેન્ટીન કમિટિની રહેશે.

**E-9** કેન્ટીન કોન્ટ્રાકટરે કેન્ટીન તથા આસપાસની જગ્યા માં સફાઇ કરવા માટે અલગ માણસ ની વ્યવસ્થા કરવાની

રહેશે.

**F)** **કેન્ટીન કોન્ટ્રાકટરે કોલેજ કેન્ટીન કોન્ટ્રાકટ અનુસંધાને લાગુ પડતી વાણિજ્યીક (કોમેર્શિયલ) શરતો**

**F-1** **કેન્ટીનની જ્ગ્યાનો ઉપયોગ સંસ્થાના છાત્રો /કર્મચારીઓ તથા સંસ્થા ખાતેના મુલાકાતીઓ માટે જ કરી શકાશે અન્ય કોઈ અંગત કે કોમેર્શિયલ હેતુ માટે કેન્ટીન/મેસની જ્ગ્યાનો ઉપયોગ કરી શકાશે નહી. કોન્ટ્રાકટરે કોઈ પણ પ્રોડક્ટ / કંપની ની જાહેરાતનાં પોસ્ટર /બેનર /હોર્ડિંગ પ્રદર્શિત કરવાનાં રહેશે નહિ. કેન્ટીન કોન્ટ્રાકટ રદ કરવાનો કેન્ટીન કમિટીને અબાધિત અધિકાર રહેશે, તેમજ આ બાબતમાં કોઇ તકરાર કે પત્રવ્યવહાર કરવામાં નહીં આવે.**

**F-2** કોન્ટ્રાકટર ધ્વારા જો કેન્ટીન સેવા,કરાર ના સમય ગાળા દરમ્યાન વચ્ચેથી બંધ/રદ કરવામાં આવશે તો સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

**F-3** કોન્ટ્રાકટનો સમયગાળો કોન્ટ્રાકટ આપ્યાની તારીખથી એક વર્ષ માટે આપવામાં આવશે. તેમજ જો કરાર ના સમય દરમ્યાન સેવા સારી રહેલ હોય તથા છાત્ર હિતમા જરુર લાગેતો કેન્ટીન સમિતીની ભલામણ ને અનુસંધાને <u>આ કરાર બન્ને પક્ષની સંમતિથી વધુ એક વર્ષ કે તેના જે-તે ભાગ માટે લમ્બાવી આપી શકાશે, જે દરમ્યાન વાનગીઓના ભાવ પણ હાલના ભાવપત્રક સમાન જ રાખવાના રહેશે.</u> . આ સમયમાં વધારો કે ઘટાડો કરવાના તમામ અબાધીત અધિકાર કેન્ટીન કમિટી/સંસ્થાના વડાની રહેશે.

**F-4** જે કોન્ટ્રાકટરને કેન્ટીન કોન્ટ્રાકટ આપ્યો હશે તેણે જ કેન્ટીન ચલાવવાની રહેશે. બીજી કોઇ વ્યકિતને કેન્ટીન ચલાવવા માટે ભાડે કે પેટાભાડે ચલાવવા માટે આપી શકાશે નહીં. કોન્ટ્રાકટરે અન્ય કોઇને કેન્ટીન ચલાવવા ભાડે કે પેટા ભાડે આપ્યાનું કેન્ટીન કમિટીની જાણમાં આવશે કે તુરંતજ કોન્ટ્રાકટર પાસેથી કેન્ટીન નો કબ્જો પરત લઇને કેન્ટીન કમિટી સીકયુરીટી ડીપોઝીટની રકમ પણ જપ્ત કરશે અને આ બાબતે કોન્ટ્રાકટરનો કોઇપણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહીં.

**F-5** કેન્ટીન અંગે જો કોન્ટ્રાકટરને કોઇપણ રજુઆત કરવાની થાય તો તે ફકત કમિટીને જ કરવાની રહેશે, અને તેનો નિર્ણય આખરી ગણાશે, તેમજ તે પ્રમાણે અમલ કરવાનો રહેશે.

**F-6** ઉપરોકત કલમોમાં દર્શાવ્યા સિવાયની કોઇ મૌખીક સુચનાઓ કેન્ટીન કમિટી ધ્વારા આપવામાં આવશે તો તે કેન્ટીન કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે

**F-7** કોઇપણ ગ્રાહક સાથેનો આર્થિક વ્યવહાર (ઉધાર-રોકડા-ખાતુ) વિગેરેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. **સરકારની સુચના પ્રમાણે કેંટીન ના તમામ વ્યહવાર કેશ લેસ કરવાની સમ્પુર્ણ તૈયારી કેંટીન કોન્ટ્રાકટર એ રાખવાની રહેશે .**

**F-8** ટેન્ડર પાસ થયે મંજુર થયેલ વાનગી તથા ભાવોના લીસ્ટનું બોર્ડ કોન્ટ્રાકટરે સ્વખર્ચે લગાડવાનું રહેશે અને ત્યારબાદ જ કેન્ટીન શરુ કરવાની રહેશે.

**F-9** કેન્ટીનમા ટેંન્ડર મા ભરેલ (ઉપયોગ/ઘસારા) અનુસંધાને <u>માસીક ભાડા ની રકમ જે-તે માસ પુર્ણ થયા બાદના માસની 1 થી 5 તારીખ સુધીમા સંસ્થાના એકાઉન્ટ વિભાગ મા અચુક જમા કરાવવાની રહેશે.</u> હિસાબી શાખામા થી મળેલ પંહોચની નકલ કેંટીન સમીતીમા અચુક જમા કરાવવાની રહેશે.

**F-10** <u>બે માસનુ ભાડુ બાકી રહેશે તો તાત્કાલીક અસર થી કરાર આપોઆપ રદ થશે અને સિક્યોરીટી ડિપોજિટ્ની રકમ જપ્ત કરી શકાશે</u> .

**F-11** **કેંટીન કોન્ટ્રાકટરે ને રસોડા ખાતે ઉપ્લબ્ધ પંખા તથા ટ્યુબ લાઇટ્સ સિવાય એક સાદુ ફ્રિજ, એક ડીપ ફ્રિજર , એક ટોસ્ટર , એક ઓવન, એક સાદુ મિક્સ્ચર ગ્રાઇંડર/ ફૂડ પ્રોસેસર , એક ખીરુ / ચટની બનાવવા માટે નુ ગ્રાઇંડર તથા એક લોટ બાંધવાનું મશીન રાખી શકાશે . વધુ કોઈ સાધનો રાખતા પૂર્વે કેન્ટીન કમિટી ની પરવાનગી લેવાની રહેશે. કેંટીન મા છાત્રોને બેસવાની જ્ગ્યાએ લાઇટ પંખા નો ઉપયોગ જરુર પ્રમાણે જ થાય**

**તથા ખોટો બગાડ ન થાય તે જોવાની જવાબદારી કેંટીન ઠેકેદારની રહેશે .**

G **કેન્ટીન ઠેકેદારને ફરિયાદ તથા તે અનુસંધાને લાગુ પડતી પેનલ્ટી/દંડ ને લગતી શરતો**

G-1 કોલેજ કેન્ટીન કોન્ટ્રાક્ટરે એક ફરિયાદ રજિસ્ટર નિભાવવાનુ રહેશે. આવુ એક રજિસ્ટર બનાવી તેમા પેજ નમ્બર લખી તેની બાજુમા કેન્ટીન કમિટી દ્વારા સહી સિક્કા કરાવી લેવાના રહેશે. જેની પણ ફરીયાદ મળે તેની નોંધ કરવાની રહેશે તથા ફરિયાદીને તેની પંહોચ આપવાની રહેશે.આવી ફરીયાદ મળે તરત જ કેન્ટીન કમિટી સમક્ષ રજિસ્ટર રજુ કરી તે બાબતે યોગ્ય ખુલાસો કરવાનો રહેશે.

G-2 ફરિયાદ ની ગમ્ભીરતા ને ધ્યાને લઈ કેન્ટીન કમિટી અ) સુધારાની તક આપી શકશે બ) પેનલ્ટી ફટ્કારી શકશે ક) કોન્ટ્રાક્ટ રદ કરી શકશે ડ) સિક્યોરીટી ડિપોજીટ્ની રકમ જપ્ત લઈ શકશે.

દરેક પ્રસંગે ન્યાયક્ષેત્ર પાટણ રહેશે. "Subject to “Patan **Jurisdiction**"

ઉપરોકત તમામ શરતો મેં વાંચી છે, આ શરતો મને મંજુર છે. ઉપરોક્ત તમામ શરતો અમોને (કેન્ટીન કોન્ટ્રાકટરને) મંજુર તથા બંધન કર્તા રહેશે તે મુજબ નો બાંહેધરી ખતપત્ર રૂ. 100/- ના સ્ટેમ્પ પેપર ઉપર કોંટ્રાક્ટ અપાયાની જાણ કરતા પત્રની તારીખથી દસ દીવસ મા હુ રજુ કરીશ તેની બાંહેધરી આપુછુ.

સ્થળઃ- અરજદાર એજન્સીનું નામ......................................

તારીખઃ- ટેન્ડર ભરનારનું નામ...........................................

ટેન્ડર ભરનારની સહી...........................................

**સીલ**

સાક્ષી ની સહી

સાક્ષી નું નામ તથા સરનામું

# <u>ભાગ -3 ( કવર ૧ માં સામેલ કરવું )</u>

પ્રતિ, આચાર્યશ્રી,
સરકારી ઇજનેરી કોલેજ,
પાટણ .

| ક્રમ | વસ્તુ | વજન/કવોન્ટિટી/નંગ | તમામ ટેક્ષ સહીત નો ભાવ (રુપિયા) |
|---|---|---|---|
| 1 | ફીકસ ડીશ. | રોટલી/ભાખરી/પુરી 5 નંગ કુલ 100 ગ્રામ<br>શાક : લીલોતરી - 100 ગ્રામ , કઠોળ/ સીઝનલ લીલોતરી વારાફરતી – 100 ગ્રામ, ભાત/ખિચડી - 125 ગ્રામ, દાળ/કઢી - 150 ગ્રામ<br>સિસનલ સલાડ – 25 ગ્રામ /મિક્ષ અથાણું 15 ગ્રામ | 60 |
| ભાગ-3 માં રાખેલ વસ્તુઓના ભાવ ફિક્ષ રહેશે . જે તમામ કોન્ટ્રાકટરને માન્ય રાખવું ફરજીયાત રહેશે .<br>**તથા છાત્રોની જરૂરીયાત મુજબ ફિક્સ થાળી ઉપલબ્ધ રાખવાનું રહેશે.** | | | |

**સરકારી ઇજનેરી કોલેજ, પાટણ માટે કોલેજ કેન્ટીન કોન્ટ્રાકટ (૨૦૨૪-૨૫) માટે ભાગ -3 માં દર્શાવેલ સંસ્થા એ સુચવ્યા પ્રમાણે નાં ભાવ ( તમામ પ્રકારના વેરા સહિત ) અમોને માન્ય રહેશે**

વધુમા સ્ટાન્ડર્ડ કંપનીના બિસ્કીટ, વેફર,પોપકોર્ન , નમકીન, સોફ્ટ ડ્રીંકસ (માઝા, ફ્રુટી વિગેરે ), છાસ, આઇસ્ક્રીમ મેક્સિમમ રિટેલ પ્રાઇસ પ્રમાણે આપવાનુ સ્વિકાર્ય છે. લાગુ પડતા ટેક્ષ ભરવાની જવાબદારી અમારી રહેશે

સ્થળઃ- અરજદાર એજન્સીનું નામ.....................................

તારીખઃ- ટેન્ડર ભરનારનું નામ...........................................

ટેન્ડર ભરનારની સહી..........................................

**સીલ**

<u>ભાગ -૪ ( કવર ૧ માં સામેલ કરવું )</u>

| ફૂડ ટાઈપ | ક્રમ | વસ્તુ | વજન/કવોન્ટિટી/નંગ | તમામ ટેક્ષ સહીત નો ભાવ (રૂપિયા) |
|---|---|---|---|---|
| સાઉથ ઇન્ડિયન | 1 | ઇડલી-સંભાર | 125 ગ્રામ ઈડલી,૨૦ ગ્રામ ચટણી 100 ગ્રામ સંભાર સાથે | ૨૫/- |
| | 2 | ઉપમા | 150 ગ્રામ | ૨૫/- |
| નોર્થ ઇન્ડિયન | 3 | આલુ/ગોબી પરોઠા-દહિ સાથે | 150 ગ્રામ પરોઠા 50 ગ્રામ દહીં | ૫૦/- |
| | 4 | ભાજ પાઉં (તેલમાં/બટરમાં) | 150 ગ્રામ (૨ નંગ પાઉ) | ૫૦/૭૦/- |
| અન્ય આઇટમ | 5 | નુડલ્સ ( જેમકે મેગી વગેરે ) | 100 ગ્રામ | ૨૫/- |
| | 6* | પૌઆ / બટાકા પૌઆ | 100 ગ્રામ | ૨૦/- |
| | 7* | સમોસા/કચોરી (ચટણી સાથે) | ૧૫૦ ગામ (૨ નંગ) | ૨૫/- |
| | 8 | વેજ /આલુંમટર સેન્ડવીચ | 150 ગ્રામ (કેચ અપ અલગ) | 30/- |
| | 9* | ચા મોળી / ખાંડ નાંખેલ | મોટો કપ (૧૦૦ મીલી)<br>નાનો કપ (૫૦ મીલી) | ૧૦/-<br>૬/- |
| | 10* | કોફી/બોર્નવીટા મોળી/ખાંડ નાંખેલ | મોટો કપ (૧૦૦ મીલી) | ૨૦/- |
| | 11* | દૂધ સ્ટાન્ડર્ડ મોળુ/ખાંડ નાંખેલ | 100 મીલી | ૨૦/- |
| | 12 | બ્રેડ પકોડા/વડા પાંઉ/ દાબેલી | નંગ-૦૧ (૧૫૦ ગ્રામ) ચટણી સાથે | ૨૦/- |
| | 13 | બ્રેડ બટર/ મસ્કાબન | બ્રેડ બટર(૨ સ્લાઇસ) , મસ્કાબન નંગ-૦૧ | ૨૦/- |
| | 14 | પફ | નંગ-૦૧ ( ૧૫૦ ગ્રામ) ચટણી સાથે | ૨૦/- |
| | 15 | ગોટા /બટાકા વડા | 100 ગ્રામ | ૨૦/- |
| | 16* | પુરી-ભાજી | ભાજી – ૨૦૦ ગ્રામ, પુરી - ૬ નંગ , મિક્ષ અથાણું 15 ગ્રામ | ૪૦/- |

**શૈક્ષણીક સત્ર ચાલુ હોય ત્યારે દર્શાવેલ ફૂડ આઈટમ પૈકી રોજેરોજ વારફરતી સાઉથ ઇન્ડિયન ફૂડ આઇટમ પૈકી તથા નોર્થ ઇન્ડિયન આઇટમ પૈકી એક -એક ફૂડ આઈટમ ઉપલબ્ધ રાખવાનું રહેશે. અન્ય આઇટમ માં * સામે દર્શાવેલ ફૂડ આઈટમ રોજેરોજ ઉપલબ્ધ રાખવાની રહેશે. બાકીની આઈટમ વારાફરતી ઉપલબ્ધ રાખવાની રહેશે.**

સ્થળઃ- અરજદાર એજન્સીનું નામ.....................................

તારીખઃ- ટેન્ડર ભરનારનું નામ...........................................

ટેન્ડર ભરનારની સહી..........................................

**સીલ**

## <u>ભાગ– ૫ (આ પત્રક સીલબંધ કવર નંબર ૨ માં બહાર ભાવપત્રક લખી સામેલ કરવું)</u>

(અ) સદર ટેંડર સરકારી ઇજનેરી કોલેજ,પાટણ ખાતે વર્ષ ૨૦૨૪-૨૫ માટે કુમાર છાત્રાલય, કન્યા છાત્રાલય અને કેન્ટીન ચલાવવા માટેનુ ભેગુ/એક ટેંડર છે. જે એજંસી કુમાર છાત્રાલય, કન્યા છાત્રાલય અને કેન્ટીન ચલાવવા માટેનુ કુલ ભાડુ ( ત્રણેય નુ ટોટલ) સૌથી વધારે ભરશે તેવા ટેન્ડર ની લાયકાત ની શરત સંતોષતા કોન્ટ્રાકટરને સદર ટેંડર ની કામગીરી સોંપવામા આવશે.

(બ) સરકારી ઇજનેરી કોલેજ,પાટણ ખાતે કુમાર છાત્રાલય માં <u>ભોજનનો માસિક ચાર્જ પ્રતિ વિધ્યાર્થી દીઠ પ્રતિ માસ રૂ. ૩૧૦૦/- અને કન્યા છાત્રાલય માં પ્રતિ વિધ્યાર્થી દીઠ પ્રતિ માસ રૂ. ૨૭૦૦/- ફિક્સ રહેશે.</u> વધુમા ભાગ-૨ મા દર્શાવ્યા પ્રમાણે ની છાત્રાલય ને લગતી અન્ય શરતો લાગુ રહેશે.

(ક) સરકારી ઇજનેરી કોલેજ,પાટણ ખાતે કેન્ટીન મા બનાવવા માટેની ફુડ આઈટમ ના ભાવ ભાગ ૩ અને ભાગ ૪ મા દર્શાવ્યા પ્રમાણે ફિક્સ રહેશે.

(ડ) સરકારી ઇજનેરી કોલેજ,પાટણ ખાતે <u>કુમાર છાત્રાલય જગ્યા નાં વપરાશ / નિભાવ પેટે મીનીમમ માસિક ભાડુ રુપિયા ૩૫૦૦/- રહેશે,</u> તેમજ <u>કન્યા છાત્રાલય જગ્યા નાં વપરાશ / નિભાવ પેટે મીનીમમ માસિક ભાડુ રુપિયા ૩૫૦૦/- રહેશે.</u> કેંટીન ચલાવવા તથા <u>કેન્ટીનની જગ્યા નાં વપરાશ / નિભાવ પેટે મીનીમમ માસિક ભાડુ રૂ. ૨૦૦૦/- (બે હજાર પુરા) પ્રતિ માસ નક્કી કરેલ છે</u>. ભાગ ૫ ના ભાવપત્રક મા મીનીમમ માસિક ભાડાથી ઓછી રકમ ભરેલ હશે તો તે કોંન્ટ્રાક્ટર નુ ટેંડર રદબાતલ ગણાશે.

આ પત્રકમાં કોંટ્રાક્ટર શ્રી એ કુમાર છાત્રાલય, કન્યા છાત્રાલય અને કેન્ટીન ચલાવવા માટેનુ માસિક ભાડાની ની રકમ સ્પ્ષ્ટ શબ્દોમાં વંચાય તે રીતે ભરવાની રહેશે. કોંન્ટ્રાક્ટરે સારી ગુણવતાનું જ ભોજન આપવાનું રહેશે તથા તે માટે વાપરવાનો સામાન કરીયાણું અને અન્ય ચીજવસ્તુઓ સારી ગુણવતાની અને સ્ટાન્ડર્ડ મેઇકની બાન્ડેડ જ વાપરવાની રહેશે. તે માટે રેકટરશ્રી કે ગૃહપતિ જે સૂચના આપે તેનો અમલ કરવાનો રહેશે. જો ભોજનની ગુણવત્તા ખરાબ જણાશે તો કોંન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે, અને તે કિસ્સામાં તેઓની ભરેલી ડિપોઝીટ જપ્ત થશે.

### ભોજનાલય (કુમાર અને કન્યા છાત્રાલ) તથા કેન્ટીન ભાવપત્રક ( તમામ પ્રકાર ના વેરા સહિત )

| ક્રમ | વિગત | *ભાડું* |
|---|---|---|
| ૧ | **કુમાર છાત્રાલય** | |
| ૨ | **કન્યા છાત્રાલય** | |
| ૩ | ***કેન્ટીન*** | |
| | ***કુલ ભાડું*** | |

**નોંધ:** ૧ કુમાર છાત્રાલય *ભોજનાલય દીઠ ઓછામાં ઓછું રૂ.૩૫૦૦/- ભાડું ભરવાનુ રહેશે.*

૨. કન્યા છાત્રાલય *ભોજનાલય દીઠ ઓછામાં ઓછું રૂ.૩૫૦૦/- ભાડું ભરવાનુ રહેશે.*

*૩. કેન્ટીન માટે ઓછામાં ઓછું રૂ.૨૦૦૦/- ભાડું ભરવાનુ રહેશે.*

૪. કુમાર અને કન્યા છાત્રાલય તથા *કેન્ટીન નુ કુલ ભાડું જે એજન્સી એ વધારે ભરેલ હશે તેને ટેન્ડર મળવાપાત્ર રહેશે.*

ઉપર મુજબની તમામ શરતો મને માન્ય છે અને આ શરતો સાથે છાત્રાલય સંચાલનનો કોંટ્રાક્ટ સ્વીકારીશ.

કોંટ્રાક્ટરશ્રી ની સહી